**Vēnti Verses from Ana*n*t Akhā*do***

**Gujrati Text**

**Verses for Day 1**

આશાજી અમે સુજાતા તમે વર સ્વામી, શેવા તમારી હમ કીઅણાજી:
વિનવું વિનવું બહુરૂપે વિનવું, હમ તેરે નામ પતીઆણા. હરી. (૬)

આશાજી, હમે ગુનેહગાર બંદાભી તેરા, તમે છો બક્ષણહારજી:
સરવે જીવ તમારી સેવાયે લાગા, તમે છો નર અવતાર. હરી૦ (૩૮)

આશાજી, અરજ વિનતી અમ તણી સાંભળો, કરીયે યે ફરયાદજી:
અમે ગુનેહગાર બંદા તેરા તમે છો દીન દયાળ. હરી૦ (૫૩)

આશાજી, પાપ અમારા ઉતારો સામી, અમે છીએ ગુન્હેગારજી:
દરસન તમારા જબહી મેં દેખ્યા, તારે છુટા સર્વે જંજાલ.
હરી૦ (૬૩)

આશાજી અમર માની અણુત ઉઠાયા, તેનું ભારજ ટાલોજી,
થોડે ધરમે ઉગારીને લેજો, મહેર કરો મોરા સામી. હરી૦ (૧૧૪)

Credit: Pir Hasan Kabirdin's Ana(n)t Akhado. Published by Ismailia Association for India, Bombay. 1949; 1952.
Layout of venti verses in a 7-day recital format by Dr. Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## **V̄enti Verses from Ana*n*t Akhā*d*o**

## **Gujrati Text**

## **Verses for Day 2**

આશાજી તીલ ધરમ ને હસતી પાપ, સોહી ગત ઉતારેજી;
ગતનાં વચન તે નરજી માને, તે માહાદન માંહે નહીં પુછાયે.
હરી૦ (૧૧૫)

આશાજી સતસેથી જે ગતમાંહે આવે, ગતનું મેલો સોહીજી;
પાપ ઉતરાવી પાછા નહીં કરે, સોહી જીવ હમ તુમકું પ્યારા.
હરી૦ (૧૧૬)

આશાજી કેની માઈ ને કેનો બાપ, કુટુંબ કેનું નહી ચાલેજી;
ઉતમ કરણી જીવની દીઠી, તબ સો દીધા શાહજી દીદાર
હરી૦ (૧૨૩)

આશાજી અમે ઉણીઆચારી બહુ જીવ કહીએ, અને કહીએ
તમારા દાસજી;
મહેર કરી જબ મોરે શાહજી દીધા, દીધા તબ દીદાર.
હરી૦ (૧૨૪)

આશાજી નાનાં મોટા સરવે જીવ તમારા, અને સરવે જીવ તમારા
કહીએજી:
સહુના વર તો તમને જાણું, સોહી જાણું દેવ મોરાર. હરી. (૧૨૯)

Credit: Pir Hasan Kabirdin's Ana(n)t Akhado. Published by Ismailia Association for India, Bombay. 1949; 1952.
Layout of venti verses in a 7-day recital format by Dr. Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Vēnti Verses from Ana*n*t Akhā*d*o

## Gujrati Text

## Verses for Day 3

આશાજી સરગ મરત પઈયારજ કહીએ, તે સરવેઇ જીવ તમારાજી;
સહુના વર તો તમને જાણું, સોહી જાણું દેવ મોરાર. હરી. (૧૩૦)

આશાજી હમ કુછ નાંહી તમે છો સરવે, એવા તમારી હમ લીઅણાજી;
તમારા બંદા તે તમેહી તારો, તો નામ રહે ઇલાહી. હરી. (૧૮૮)

આશાજી કરો કમાઇ ને કીરીઆં કરો, એવો દેવ મોરારજી,
ફઝલ કરો હો મોરા સામી, અદલે જીવ ન છુટે. હરી૦ (૨૧૩)

આશાજી ફઝલ કરો તો ત્યાં ઘણા છુટે, મેહેર કરો મોરા સામીજી;
પીર પેગમ્બર જીવ તમારા, સુણો તેની ફરીયાદ. હરી૦ (૨૧૪)

આશાજી સાર સરોવર કમાઈ ન ચુકે, તે માંહે પાર ઉતારોજી;
હાથીડું દઈને ઉગારો મોરા સામી, થાવો માઈ ને બાપ. હરી (૨૧૫)

Credit: Pir Hasan Kabirdin's Ana(n)t Akhado. Published by Ismailia Association for India, Bombay. 1949; 1952.
Layout of venti verses in a 7-day recital format by Dr. Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## V̄enti Verses from Ana*n*t Akh*ā**do*

## Gujrati Text

## Verses for Day 4

આશાજી સાત સમુદ્ર વીચમાંહે બેઠા, તારો દઇને ઉગારોજી;
મયા કરો મોરા સામી, ભેટાડો તમારો દીદાર. હરી૦ (૨૧૬)

આશાજી અમેજ ભુલા તમે ઉગારો, મહેર કરો મારા સામીજી;
એહી જીવ તમારા જાણો, જાણો તમો શ્રી એસ્લામશાહ. હરી. (૨૧૭)

આશાજી ગુને ભર્યા જીવજ બુડે, તેને બહારજ કાઢોજી;
નહી તો જીવડા ભુલી જાશે, જાશે તે અવર મારગ. હરી૦ (૨૧૮)

આશાજી હીણા ખીણા સરવે જીવ તમારા, બેઠા છે તમારે દુઆરજી;
મહેરકી નજર કરો મોરા સામી, ફજલ કરો એ દયાળ. હરી. (૨૧૯)

આશાજી હમ કુછ નાંહી તમે છો નાથ, મહેર કરો મોરા સામીજી;
વચન તમારા એહીજ બોલો, તમે છો મોટા નાથ. હરી. (૨૬૨)

Credit: Pir Hasan Kabirdin's Ana(n)t Akhado. Published by Ismailia Association for India, Bombay. 1949; 1952.
Layout of venti verses in a 7-day recital format by Dr. Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Vēnti Verses from Ana*n*t Akhā*d*o**

**Gujrati Text**

**Verses for Day 5**

આશાજી હમે તમારી નારી તમે હો નાથ; હમ તેરા ગુલામજી;
મહેર કરી તમે જીવડા તારો, હીણાં ખીણાં એકાર. હરી૦ (૨૯૯)

આશાજી મહેર કરો મોરા સામી, મનમાંહે મયા કરોજી,
જીવ વળગ્યા તે તમાગ જાણો, દેજો તેને દીદાર. હરી૦ (૩૨૦)

આશાજી દીઓ દીદાર મહેરજ રાખો, દયા આણો હીયારીજી;
કલજુગ ખોટા તે ઋરવેઈ ખોટા, તેમાં હાથીણું દઇને ઉગારો.
હરી૦ (૩૨૧)

આશાજી મહેર કરો તમે મોરા સામી, નવછુગાની પાઘ વીચારોજી;
હાથીણું દઈ ને ઉગારો મોરા સામી, તારીએ તારણહાર. હરી. (૩૨૨)

આશાજી મહેર કરી તમે તારો મોરા સામી, તારીએ નર તુંહીજી;
સાહેર થઇ તમે મોતી નીપાયા, તેમ તમે રાખો મહેર. હરી. (૩૨૩)

Credit: Pir Hasan Kabirdin's Ana(n)t Akhado. Published by Ismailia Association for India, Bombay. 1949; 1952.
Layout of venti verses in a 7-day recital format by Dr. Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Vēnti Verses from Ana*n*t Akhā*do*

## Gujrati Text

## Verses for Day 6

આશાજી પછે સો જીવ દુનીયામાંહે આવ્યા, સતપંથ મારગે ચાલેજી;
હીગુંગીણું કહી જીવ હોશે, માત થઈ તમે તારો. હરી. (૩૨૬)

આશાજી માત તાત તો તમને જાણું, અવર ન જાણું કેઇજી;
અમારૂં મસ્તક તમારે હાથ, જ્યાં નાખો ત્યાં થાએ. હરી. (૩૨૭)

આશાજી મુસ્તક દીધા કીઉં સો ધાવે, કીઆ સોજાણે બાલજી;
નાનું બાલક તે શું સમજે, માત થઇને તમે તારો. હરી. (૩૨૮)

આશાજી મોમન સરવે જીવ તમારા, બહુ છે ગુન્હેગારજી;
મહેરની નજર કરો મોરા સામી, પહોંચાડો દેવ દુઆર. હરી. (૩૩૧)

આશાજી તમારા જીવ તે તમને ઓળખે, લજ્જા અમારી રાખોજી;
હાથે હથવારો દીંઓ મોરા સામી, તો ઉતારો પહેલે પાર.
હરી૦ (૩૩૪)

Credit: Pir Hasan Kabirdin's Ana(n)t Akhado. Published by Ismailia Association for India, Bombay. 1949; 1952.
Layout of venti verses in a 7-day recital format by Dr. Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## V̄enti Verses from Ana*n*t Akhā*do*

## Gujrati Text

## Verses for Day 7

આશાજી ઉતારાનો આરો તમારે હાથ, કેનું ન ચાલે લગારજી;
આગલા ખાતા ચીતમાંહે ન લાવો, કરો તમારી મહેર. હરી. (૩૩૫)

આશાજી વીનવું વીનવું બહુરૂપે વીનવું, કરૂં તે આપણી વતજી;
એમ કરતાં જે ચેતી નહી ચાલે, તે જાશે ઘોર અંધાર. હરી. (૩૩૬)

આશાજી પીર પેગમ્બર ઓલીયા અંબીઆ, સરવે જીવ તમારાજી;
મહેર કરો તમે મોરા સામી, હાથીણું દઈને ઉગારો. હરી. (૪૩૮)

આશાજી ભલી કરાવો બુરી તજાવો, હરહોઈ હાથ તુમારેજી;
કીધા કરતપ માફ કરજો, તમે છો દેવ મોરાર. હરી૦ (૪૪૩)

આશાજી મહેર કરો મોરા સામી, દયા કરી ઉગારોજી;
વનમાંહે અમે એકલા રંહેવે, તે વન સરવે તારો. હરી૦ (૪૯૩)

Credit: Pir Hasan Kabirdin's Ana(n)t Akhado. Published by Ismailia Association for India, Bombay. 1949; 1952.
Layout of venti verses in a 7-day recital format by Dr. Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Vēnti Verses from Ana*n*t Akhā*d*o

## Gujrati Text

## Extra Verses

આશાજી હમ બંદા હમડી વીનવું, હમ તેરી ફરીયાદજી;
કાચી પાકી સરવે તરો, તે તમે ઉગારો. હરી૦ (૪૯૫)

આશાજી તમેહી માતા તમેહી પીતા, તમેહી મોરા સામીજી;
સીરબંધ તમે બાંધો મોરા સામી, અણુતકો ભાર ઉઠાયે.
હરી૦ (૪૯૬)

Credit: Pir Hasan Kabirdin's Ana(n)t Akhado. Published by Ismailia Association for India, Bombay. 1949; 1952.
Layout of venti verses in a 7-day recital format by Dr. Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)